મહાનુભાવોને સુરક્ષિત લાવવા પોલીસનું રીહર્સલ...!

એરપોર્ટથી મહાત્મા મંદિર સુધી ૨૨૫ બોલેરો જીપ એક સાથે લાઈનસર નીકળી : કેટલાક સ્થળે ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ

(તસવીર : દર્શન માડ)

ગાંધીનગર, તા.૧

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આવનાર વીવીઆઈપી મહાનુભાવોને સુરક્ષીત રીતે લાવવા લઈ જવા માટે પોલીસ દ્વારા પધ્ધતિસરનું પાયલોટીંગ-એસ્કોર્ટીંગ કરવામાં આવશે તે આયોજનબદ્ધ થાય તે માટે નવી નક્કોર ૨૨૫ બોલેરો જીપ લાવી દેવાઈ છે અને કોણ કયા મહાનુભાવનું પાયલોટીંગ કરશે તે સહીતનું માઈક્રો આયોજન કરવામાં આવ્યું છે.

૨૨૫ નવી નક્કોર લાવી દેવાયેલી બોલેરો જીપને પાયલોટીંગ તથા કોન્વોય માટે ઉપયોગ કરાશે. આ કામગીરી જે જે પોલીસ અધિકારી-કર્મચારીને સોંપવામાં આવી છે તેમને આજે ગાંધીનગર બોલાવી લેવાયા હતાં. અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધી મહાનુભાવો-મહેમાનોને સુરક્ષીત રીતે લાવવા માટેના હેતુસર આજે રૂટ પર રીહર્સલ કરવામાં આવ્યું હતું. એક સાથે ૨૨૫ બોલેરો જીપ દોડાવીને કરવામાં આવેલા રીહર્સલને જોઈને આસપાસથી પસાર થતાં વાહનચાલકો પણ કુતુહલવશ જીપની લાંબી લાઈન એક ધારી જોઈ રહ્યા હતાં. જો કે આ રિહર્સલને પગલે વિવિધ સર્કલો પર ટ્રાફીક જામ થઈ જવાના દૃશ્યો સર્જાયા હતાં.

જ-રોડ ૭થી ૧૨ જાન્યુઆરી સુધી ખાનગી વાહન-વ્યવહાર માટે પ્રતિબંધિત કરાયો

ગ-૩ થી ગ-૫, ખ-૦ થી ખ-૫ તેમજ ઘ-૩ થી ઘ-૫ના માર્ગો પણ આ તારીખોમાં ખાનગી વાહનથી અવર જવર કરી શકશે નહિ

ગાંધીનગર, તા.૧

આગામી દિવસોમાં ગાંધીનગર ખાતે યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ તેમજ વાયબ્રન્ટ સમીટને લઈ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ જિલ્લા કલેકટરશ્રીએ જ રોડને ખાનગી વાહન વ્યવહાર માટે ૭ થી ૧૩ જાન્યુઆરી સુધી સંપૂર્ણ રીતે પ્રતિબંધિત ઘોષિત કરેલ છે જયારે ઘ રોડ, ખ રોડ, ગ રોડ ના કેટલાક વિસ્તારો માટે આવો જ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું આજે પ્રસિધ્ધ કર્યું છે.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે જિલ્લા પોલિસ અધિક્ષકશ્રીની તા. ૨૪ ડિસેમ્બરની દરખાસ્તને ગ્રાહ્ય રાખી આ જાહેરનામું આજે પ્રસિધ્ધ કર્યું છે.

આ જાહેરનામામાં જણાવાયા મુજબ જ માર્ગ રાજભવનને અડીને આવેલ વિસ્તાર છે અને ત્યાં કેન્દ્રીય મંત્રીઓ, વિદેશી મહેમાનો, સરકારી પદાધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને એન.આર.આઈ. આમંત્રિત મહેમાનો રોકાણ કરનાર હોવાથી ૭મી જાન્યુઆરીથી ૧૨મી જાન્યુઆરી સુધી જ માર્ગને તમામ ખાનગી વાહનોની અવર જવર પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

તા. ૭-૧-૧૫ થી ૧૩-૧-૧૫ દરમિયાન મહાત્મા મંદિર ખાતે યોજાનાર કાર્યક્રમોને લઈ ખ-૦ થી ખ-૫સુધીનો માર્ગ ખાનગી વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

સે-૧૭ના હેલીપેડ ખાતે યોજાયેલ એકઝીબીશન યોજાનાર હોઈ ઘ રોડને અડી આવેલ હોઈ ઘ-૩ થી ઘ-૫ સુધીનો સંપૂર્ણ માર્ગ બંધ કરવો જરુરી હોઈ ખાનગી વાહનોની અવર જવર માટે આટલો માર્ગ બંધ રહેશે.

આ તમામ મહાનુભાવો ગ રોડ પરથી પસાર થનાર હોવાથી ગ-૩ થી ગ-૫ સુધીનો વિસ્તાર પણ ખાનગી વાહનોની અવર જવર માટે તા. ૭-૧-૨૦૧૫થી ૧૩-૧-૨૦૧૫ સુધી સંપૂર્ણ રીતે પ્રતિબંધિત રહેશે.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે આ માર્ગ પ્રતિબંધિતની જાણ કરતા સૂચના બોર્ડ ૪x૬ ફૂટના લગાવવા માટે કાર્યપાલક ઈજનેર પાટનગર યોજનાને પણ આદેશ કર્યો છે એટલું જ નહિ જાહેર સ્થળો પર આ જાહેરનામાની નકલો ચીપકાવવા તેમજ દાંડી પીટાવી લોકો સુધી પહોંચાડવા માટે તંત્રને સૂચવ્યું છે. જેથી લોકોને કોઈ હાલાકી પડે નહિ.

લાંબા સમય બાદ ચ-પનો બંધ ફુવારો આખરે ચાલુ કરાયો

વાઈબ્રન્ટના લીધે ચ-૫ વિસ્તારની રોનક પાછી આવશે

ગાંધીનગર, તા.૧

નગરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો પણ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સોહામણા લાગે તે માટે તમામ સર્કલોને સુશોભિત કરી દેવાયા છે જયારે લાંબા સમયથી બંધ ચ-પના ફુવારાની રોનક પણ પાછી આવી ગઈ છે. અગાઉ ગરમીના દિવસોમાં નગરજનો માટે આ ફુવારો આકર્ષણનું કેન્દ્ર બનતો હતો.

વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા સમગ્ર શહેરને સજ્જ કરી દેવાયું છે. નગરના મુખ્ય માર્ગો અને સર્કલોની શિકલ બદલી નાંખવામાં આવી છે. રાત્રિ દરમિયાન પણ રંગબેરંગી લાઈટો વખતે નગરની રોનક નિખરી ઉઠે છે. શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં વોટર બોડીમાં રંગબેરંગી ફુવારા શરુ કરી દેવાયા છે. જયારે ચ-પનો બંધ ફુવારો પણ લાંબા સમય બાદ પુનઃ રંગબરંગી લાઈટીંગ સાથે શરુ કરી દેવાયો છે.એક સમયે નગરમાં ચ-પનો ફુવારો સ્થાનિક રહીશો ઉપરાંત બહારથી આવતા મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર મનાતો હતો. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં નગરજનો ફુવારાની ઠંડી વાછટથી ભીંજાવા ટોળે વળતા હતા પરંતુ લાંબા સમયથી આ ફુવારો બંધ રહેતા સ્થાનિક રહીશોમાં પણ આ મામલે નારાજગી જોવા મળતી હતી આખરે વાઈબ્રન્ટ ફીવર દરમિયાન ફરી આ ફુવારાની રોનક નિખરી છે.

૧૦ આઈસીસીયુ ઓન વ્હીલ્સ મહાત્મા મંદિરમાં તૈનાત રહેશે

મહાનુભાવો તેમજ આમંત્રિતોના આરોગ્યની સંભાળ રાખવા ૧૧ મેડીકલ ટીમો તૈયાર રહેશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ તેમજ વાયબ્રન્ટ સમીટમાં મહાનુભાવો અને આમંત્રિતોના આરોગ્યની કાળજી રાખવા માટે ૧૧થી વધુ ટીમો મંદિર ખાતે તૈનાત રહેશે.

મળતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિર ખાતે ૧૦ જેટલી આઈસીસીયુ ઓન વ્હીલ્સ પણ તૈનાત રાખવામાં આવનાર છે. મહાત્મા મંદિર ખાતે સવારે ૮ થી સાંજના ૮ સુધી ફિઝીશ્યન તબીબી અધિકારી પણ તમામ સુવિધાઓ સાથે પણ સતત ફરજ પર હાજર રહેશે આ ઉપરાંત આ ટીમો હાજર રહેશે.

સાત જેટલી ટીમો તજજ્ઞ તબીબોની બનાવવામાં આવી છે. તો ૪ જેટલી ટીમો કોન્વે ટીમ તરીકે ફરજ બજાવશે.

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર શહેરના સે-૧૭ ખાતેના હેલિપેડ ખાતે પણ મેડિકલ ટીમો અલગથી તૈનાત રાખવામાં આવશે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં પણ ૫૦ પથારીની સુવિધા સાથે એક અલાયદો વી.આઈ.પી. વોર્ડ પણ ઉભો કરવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગરની આસપાસની સિવિલ હોસ્પિટલોમાં પણ વિશેષ વ્યવસ્થાઓ આરોગ્ય વિભાગ દ્વારા ઉભી કરવામાં આવી રહી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બે મોડયુલર ઓ.ટી. પણ તાત્કાલિક અસરથી કાર્યરત કરવા માટેની સૂચનાઓ આપી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

વાયબ્રન્ટ સમીટ અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીને ધ્યાને રાખી આરોગ્યતંત્ર એ ખાસ ટીમોનું ગઠન પણ કરી દીધું છે અને આ બધી જ ટીમો ૬ઠ્ઠી જાન્યુઆરીથી કાર્યરત થઈ જશે.

હાલ ગાંધીનગરમાં મહાત્મા મંદિર તેમજ હેલિપેડ ખાતે ખાસ આરોગ્ય કેન્દ્રો તો કાર્યરત કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત આ વધારાની ટીમો કાર્યરત ૬ઠ્ઠી જાન્યુઆરીથી થશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લા પંચાયતે જ ૧૫ જેટલી મેડીકલ ટીમો બનાવી દીધી છે. જે પૈકીની ત્રણ ટીમો હાલ કાર્યરત છે.

વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમની તૈયારીની સમીક્ષા કરી

અમદાવાદ કાંકરીયા રીવરફ્રન્ટની મુલાકાત લીધી હતી

ગાંધીનગર, તા.૧

ગુજરાતના પ્રવાસે આવેલા વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજે આજે મુખ્યમંત્રીને મળીને પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમીટ કાર્યક્રમની તૈયારીનું નિરીક્ષણ કરીને સમીક્ષા કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી સાતમી જાન્યુઆરીથી ગુજરાતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવનાર છે તેમજ ૧૧મી જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે વાઈબ્રન્ટ સમિટ યોજાનાર છે.

આ કાર્યક્રમોની તૈયારીનું નિરીક્ષણ કરવા માટ આજે વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ આજે એક દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા હતાં. તેઓએ ગાંધીનગર મહાત્મા મંદિર અને અમદાવાદ કાંકરીયા રીવરફ્રન્ટની મુલાકાત લીધી હતી અને પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ અંગે નિરીક્ષણ કર્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ તેઓએ મુખ્યમંત્રી, મંત્રીઓ, અધિકારીઓ સાથે બેઠક કરીને આ કાર્યક્રમો અંગેની વિગતોથી માહિતીગાર થઈને કાર્યક્રમોની તૈયારી અંગે સમીક્ષા કરી હતી. કાર્યક્રમોની સમીક્ષા બાદ તેઓ સાંજે દિલ્હી પરત ફરશે.

સોનાની થાળીમાં ધોળેશ્વર માર્ગ લોઢાની મેખ સમાન...!!

ગાંધીનગર, તા.૧

વાઈબ્રન્ટ સમિટના ઉપક્રમે સમસ્ત ગાંધીનગર નવોઢાની જેમ સાજ શણગાર સજી રહ્યુ છે ત્યારે નગરને અડીને આવેલ પ્રાચીન ધોળેશ્વર મહાદેવ તરફના મુખ્ય માર્ગે મોટા પ્રમાણમાં ગંદકી અને કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. આ વખતની વાઈબ્રન્ટ સમિટમાં લાખો લોકો ગાંધીનગર આવી રહ્યા છે ત્યારે તેમાંથી હજારો લોકો આ પવિત્રયાત્રાધામની મુલાકાત લેશે તેવી આશા સેવાઈ રહી છે ત્યારે આ માર્ગ પરથી પણ ગંદકી હટાવી સ્વચ્છ બનાવવો જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

સ્વામિનારાયણ ધામથી ધોળેશ્વર તરફના માર્ગે જો મહેમાન મુલાકાતીઓ પસાર થશે તો આ અસ્વચ્છતા તેમને અડીને આંખે વળગશે અને તેઓ વાઈબ્રન્ટ સમિટમાં સરકારનો ઉપરી દેખાવ છે તેવી છાપ લઈને જશે તેવી ભીતિ સેવાઈ રહી છે. રોડની આસપાસ આડેધડ ઉગેલા ગાંડા બાવળોને કારણે માર્ગ સાંકડો થઈ જવા પામ્યો છે અને આ માર્ગે ગુડા દ્વારા લગાડેલ સોલાર સ્ટ્રીટ લાઈટોમાંથી ત્રીસેક લાઈટની બેટરીઓ પણ ચોરાઈ જવા પામી છે. મરામતના અભાવે આ લાઈટો બંધ હાલતમાં છે અને શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ રહી છે. આ વિસ્તારમાં રહેતા લોકોને આ સ્ટ્રીટ લાઈટોના અભાવે રાત્રીના સમયે કે વહેલી સવારે ખુબ જ મુશ્કેલી પડી રહી છે અને તેના કારણે નાના મોટા અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે. આ માર્ગ પર સત્વરે સફાઈ કાર્ય હાથ ધરાય અને સ્ટ્રીટલાઈટોને ચાલુ કરવામાં આવે તેવી આ માર્ગ પરના રહીશોમાં ભારે માંગ ઉભી થવા પામી છે.

સે-૨૧ શોપિંગમાં વાઈબ્રન્ટ ટાણે વિકરાળ બનતી રસ્તાની સમસ્યા

ગટરલાઈનના ખોદકામ બાદ રસ્તાઓ પણ ઉબડ-ખાબડ : પાથરણાવાળાના ઠેરઠેર ડેરા

ગાંધીનગર, તા.૧

(તસવીર : કશ્યપ નિમાવત)

સમગ્ર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા તંત્ર કામે લાગ્યુ છે. ગાંધીનગર નવા લૂકમાં જોવા મળી રહ્યું છે. વાઈબ્રન્ટ ફીવરના લીધે નગરનો નઝારો બદલાઈ ગયો છે. પરંતુ સે-૨૧ના ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરની હાલત ગ્રામ્ય વિસ્તારથી પણ બદતર છે. ખોદાયેલા રસ્તાઓ આસપાસ પાર્કીંગ પ્લેસ પર દબાણોએ કબજો જમાવી લીધો છે. નગરના મુખ્ય શોપિંગ બજારમાં જ વાઈબ્રન્ટ ટાણે વિકરાળ સમસ્યાએ અજગર ભરડો લીધો છે.

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ સમગ્ર શહેર હાલ નવા નઝરાણારૂપ જોવા મળી રહ્યું છે. શહેરના મુખ્ય માર્ગો પર જગમગતી રીફલેકટીવ લાઈટ અને સુશોભિત સર્કલો સહીત બ્યુટીફીકેશનના અંતે આકર્ષક લાગતા શહેરની ભીંતરમાં બિહામણા દૃશ્યો જોવા મળી રહ્યા છે. શહેરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટરમાં આંતરિક રસ્તા, લાઈટ અને સ્વચ્છતાની વ્યવસ્થા તદ્દન ખાડે ગઈ છે. ગટર લાઈનના ખોદકામ બાદ ડીસ્ટ્રીકટ શોપિંગના સાંકડા માર્ગો વચાળે મોટા મસ ખાડા પડી ગયા છે જયારે સાંકડા માર્ગો પર પાથરણાવાળા સહીત નાના-મોટા દબાણોનો ઘેરાવો વધતા શોપિંગ વિસ્તારની સમસ્યા વધુ જટીલ બની છે. પાર્કીંગ પ્લેસ પર દબાણો અસ્તિત્વમાં આવતા ટ્રાફિકની સમસ્યા પણ શિરદર્દરૂપ બની છે. સમગ્ર શહેરના માર્ગો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે ત્યારે નગરના મુખ્ય શોપિંગ વિસ્તારમાં ઉબડ ખાબડ રસ્તાઓની સુધારણા હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં ૪થીએ પૂજ્ય મોરારિબાપુનું વ્યાખ્યાન

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા દ્વિ-દશાબ્દિ વર્ષ નિમિત્તે યોજાઈ રહેલી અર્ક-વ્યાખ્યાનમાળા અંતર્ગત આગામી રવિવાર ને તારીખ ૪ જાન્યુઆરીના રોજ પથિકાશ્રમ પાર્ટી પ્લોટ ગાંધીનગર ખાતે બપોરે ૩.૩૦ વાગ્યે સુપ્રસિધ્ધ રામાયણી સંત શ્રી પૂ. મોરારિબાપુનું વ્યાખ્યાન યોજાયું છે. પરમ પૂજ્ય મોરારિબાપુ "જીવવું છે જાનદાર, જીવવું છે શાનદાર" વિષય પર વક્તવ્ય આપશે.



સંવેદનશીલ અને સંસ્કારી સમાજના નિર્માણ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંસ્થાના ૨૦મા સ્થાપના વર્ષ નિમિત્તે અર્ક-વ્યાખ્યાનમાળાનું આયોજન કરાયું છે. ગાંધીનગરના તમામ નાગરિકો માટે યોજાઈ રહેલી અર્ક-વ્યાખ્યાનમાળા અંતર્ગત આ અગાઉ સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને વિચારક શ્રી ગુણવંત શાહ તથા જાણીતા હાસ્યકાર, લેખક અને ચિંતક શ્રી શાહબુદ્દીન રાઠોડના વક્તવ્યો ગાંધીનગરના નાગરિકોએ માણ્યા છે.

અર્ક-વ્યાખ્યાનમાળાનું ત્રીજું વ્યાખ્યાન આપવા પરમ પૂજ્ય મોરારિબાપુ તારીખ ૪ જાન્યુઆરી ને રવિવારે ગાંધીનગર પધારી રહ્યા છે. જીવન જીવવાની જડીબુટ્ટી જેવા આ આખ્યાનમાં પધારવા તમામ નાગરિકો અને મહાનુભાવોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ માટેના પ્રવેશ પાસ ગાંધીનગર કલ્ચરલ ફોરમના કાર્યાલય, ગાંધીનગર સમાચાર, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી મેળવી લેવા જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
ટેન્ડર નોટીસ
સંસ્થાના વેઈંગ સ્કેલ (વજન કાંટા)ના મેઈન્ટેનન્સ અને રીપેરીંગના વાર્ષિક કોન્ટ્રાક્ટની સામગ્રીરી માટે રસ ધરાવતી પાર્ટીએ તા. ૧૦/૧/૨૦૧૫ સુધીમાં સંસ્થામાંથી રૂ. ૧૦૦/-માં નિયત ફોર્મ મેળવી તેમાં મેઈન્ટેનન્સ તથા રીપેરીંગના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ તેમજ જરૂરી વિગતો ભરી તા. ૧૨/૧/૨૦૧૫ સુધીમાં પરત આપવા જણાવવામાં આવે છે.
ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તમામ હક્ક સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com